GJLV060012472023

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | :: | ૨૩/૦૮/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | :: | ૨૩/૦૮/૨૦૨૩ | | |
| ફૈંસલ તારીખ | : | ૨૯/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૧૦ | ૦૬ |

## :: ફોર્મ–એ ::

| | |
|---|---|
| **બાલાસિનોરનાં એડીશનલ ચીફ જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ શ્રી એમ.બી.દવેની કોર્ટમાં, મુકામ: બાલાસિનોર, જીલ્લો : મહીસાગર સમક્ષ. ચુકાદાની તારીખ ૨૯/૦૬/૨૦૨૬ ક્રિમિનલ કેસ નંબર : ૯૮૭/૨૦૨૩ બાલાસિનોર પો.સ્ટે. એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૧૮૭૦૦૨૨૩૦૧૬૮/૨૦૨૩ આંક –** | |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી એ.આર.તળપદા |
| આરોપી પક્ષ | સુરેન્દ્રભાઈ સખીદાસ પટેલ<br>રહે. ખેરોલી,<br>તા.વિરપુર,<br>જી.મહીસાગર |
| રજૂઆત | વિ.વ.શ્રી પી.જે.પટેલ |

## :: ફોર્મ–બી ::

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૦૭/૦૫/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | તા.૦૭/૦૫/૨૦૨૩ |
| આખરી અહેવાલની તારીખ | તા.૨૩/૦૮/૨૦૨૩ |
| પ્લીની તારીખ | તા.૨૩/૦૨/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૬/૦૩/૨૦૨૪ |
| વિશેષ નિવેદન માટે રાખ્યાની તારીખ | તા.૩૦/૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | તા.૨૯/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

## –: આરોપીની વિગત :–

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયો/સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા.સં.ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરેન્દ્રભાઈસખીદાસ પટેલ | તા–૨૩/૦૫/૨૦૨૩ | તા–૨૩/૦૫/૨૦૨૩ | ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ | શંકાનો લાભ આપ્યો | લાગુ પડતુ નથી | લાગુ પડતુ નથી |

## – : <u>ચુકાદો</u> : –

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,

ગઈ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યે મોજે ગઘાવાડા પીકઅપ સ્ટેન્ડ અને જનોડ પાટીયા વચ્ચે રોડ ઉપર સફેદ કલરની હુન્ડાઈ ઈયોન ફોરવ્હીલ ગાડી નં. જી.જે. ૧૭ એન. ૭૦૩૧ ના ચાલકે પોતાના કબજાની સફેદ કલરની હુન્ડાઈ ઈયોન ફોરવ્હીલ ગાડી નં. જી.જે. ૧૭ એન. ૭૦૩૧ ની બેદરકારી અને ગફલતભરી રીતે રોંગ સાઈડમાં ચલાવી લાવી સામેથી આવતા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ ને સામેથી ટકકર મારી મોટર

સાયકલ ચાલક નીતીનભાઈ રમેશભાઈ વાઘેલા નાઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તેમજ મોટર સાયકલ પર પાછળ બેઠેલ પ્રદિપસીંહ ઉર્ફે ભાવેશભાઈ બાબુભાઈ પરમાર નાઓને શરીરે તેમજ બંને હાથે તથા પગે ઈજાઓ પહોંચાડી ફ્રેકચર કરી તેમજ પોતાને તથા પોતાની સાથે ગાડીમાં બેસેલ માણસોને પણ ઈજાઓ પહોંચાડી ગુન્હો કર્યા સબંધેની ફરીયાદ ફરીયાદીએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાવતા સદરહું ફરીયાદ બાલાસિનોર પો.સ્ટે. એ–પાર્ટ ગુ.ર. નં.૧૧૧૮૭૦૦૨૨૩૦૧૬૮/૨૦૨૩ થી નોંધવામા આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસ દરમ્યાન આરોપીની અટક કરી, જરૂરી કાર્યવાહી કરી, જરૂરી સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબ પુરતો પુરાવો જણાય આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ કરેલ. ત્યારબાદ સદરહું ચાર્જશીટને રજીસ્ટરે ફોજદારી કેસ નં. ૯૮૭/૨૦૨૩ આપવામાં આવેલ છે.

(૨) હાલના કામે આરોપી સામે ચાર્જશીટ રજુ થતાં આરોપી સામેના ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થતા તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૧૭૩ મુજબના પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, આરોપીની આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ. જેમાં તેમણે ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને બચાવ કરવાનુ જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**::ફોર્મ–સી::**

**ફરિયાદપક્ષના સાક્ષીનું લિસ્ટ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | ૦૪ | રમેશભાઈ શિવાભાઈ વાઘેલા | ફરીયાદી |
| ફ.સા.૨ | ૦૭ | મણીલાલ અમરસિંહ ઝાલા | પંચ સાહેદ |
| ફ.સા.૩ | ૧૦ | મનુભાઈ ગુલાબસિંહ વાઘેલા | સાહેદ |
| ફ.સા.૪ | ૧૧ | જેસિંગભાઈ ગુલાબસિંહ વાઘેલા | સાહેદ |
| ફ.સા.૫ | ૧૨ | રાકેશભાઈ જેસિંગભાઈ વાઘેલા | સાહેદ |
| ફ.સા.૬ | ૧૩ | પ્રદિપસિંહ બાબુભાઈ પરમાર | સાહેદ |
| ફ.સા.૭ | ૧૪ | તેજલબેન નિતિનભાઈ વાઘેલા | સાહેદ |
| ફ.સા.૮ | ૧૫ | સરોજબેન સુરેન્દ્રભાઈ પટેલ | સાહેદ |
| ફ.સા.૯ | ૨૦ | વૈશાલીબેન હીતેશકુમાર પટેલ | સાહેદ |
| ફ.સા.૧૦ | ૨૧ | સ્વાતીબેન દીપકકુમાર પટેલ | સાહેદ |
| ફ.સા.૧૧ | ૨૨ | ત્રીશા દીપકકુમાર પટેલ | સાહેદ |
| ફ.સા.૧૨ | ૨૪ | ચંદ્રસિંહ કરણ સિંહ સિસોદીયા | તપાસ કરનાર અમલદાર |

**ફરિયાદીપક્ષના દસ્તાવેજી પુરાવા વાળા આંકનું લિસ્ટ–**

| અ.નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક–૦૫ | ફરીયાદ |
| ૨. | આંક –૦૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩. | આંક–૨૫ | બાલાસિનોર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧ ૮૭૦૦૨૨૩૦૧૬૮/૨૦૨૩ ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના કામની એફ.આઈ.આર.માં ઈ.પી.કો. કલમ–૩૩૭, ૩૩૮ નો ઉમેરો કરવા સારુ રીપોર્ટ |
| ૪. | આંક–૨૬ | અકસ્માત કરનાર વાહનનો રીપોર્ટ |
| ૫. | આંક–૨૭ | અકસ્માત કરનાર વાહનનોએફ.એસ.એલ. રીપોર્ટ/સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૬. | આંક–૨૮ | આર.ટી.ઓ. પરીક્ષણ રીપોર્ટ |
| ૭. | આંક–૨૯ | મરણ જનાર નીતીનકુમાર રમેશભાઈ વાઘેલાનુ |

| | | |
|---|---|---|
| | | મરણોતર/ઈન્કવેસ્ટ પંચનામુ |
| ૮. | આંક–૩૦ | મરણ જનાર નીતીનકુમાર રમેશભાઈ વાઘેલાની પી.એમ. નોટ/શબ પરીક્ષણ રીપોર્ટ |
| ૯. | આંક–૩૧ | સરોજબેન સુરેશભાઈ પટેલનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૦. | આંક–૩૨ | ભાવેશભાઈ બી. પરમારનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧. | આંક–૩૩ | ત્રિશા દિપકભાઈ પટેલનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૨. | આંક–૩૪ | સુરેશભાઈ સખીદાસ પટેલનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૩. | આંક–૩૫ | સ્વાતીબેન દિપકકુમાર પટેલનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૪. | આંક–૩૬ | વૈશાલી હિતેશભાઈ પટેલનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૫. | આંક–૩૭ | પટેલ વૈશાલીબેન હિતેશભાઈનુ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૬. | આંક–૩૮ | પ્રદિપસીંહ બાબાભાઈ પરમારનુ મેડીકો લીગલ સ ર્ટીફીકેટ |
| ૧૭. | આંક–૩૯ | સ્વાતી પટેલનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૧૮. | આંક–૪૦ | સુરેન્દ્રભાઈ પટેલનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ૧૯. | આંક–૪૧ | પોલીસ ઈન્સ્પેકટર બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ધ્વારા સી.ડી.આર./એસ.ડી.આર તથા સી.એ.એફ. ની માહીતી મંગાવવા સારુ પોલીસ અધિક્ષક સાહેબશ્રી લુણાવાડા મહીસાગર નાઓને કરેલ રીપોર્ટ |
| ૨૦. | આંક–૪૨ | ધી ઈન્ડીયન એવીડન્સ એકટ ૧૯૭૨ ની કલમ ૬૫ બી(૪)(સી) મુજબનુ સર્ટીફીકેટ |
| ૨૧. | આંક–૪૩ | મોબાઈલ કોલ ડીટેલ આપેલ તે બાબતનો લેટર |
| ૨૨. | આંક–૪૪ | કોલ ડીટેઈલ અસલ |
| ૨૩. | આંક–૪૫ | સુચીપત્ર |

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી મારફતે આંક–૪૫ થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામા આવતા આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન

નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ તેઓ નિર્દોષ હોવાનો અને તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.આર.તળપદા તથા બચાવપક્ષે વિ.વ.શ્રી પી.જે. પટેલની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. આંક–૩ થી આરોપીની પ્લી નોંધવામા આવેલ છે. આંક–૪ થી ફરીયાદી રમેશભાઈ શીવાભાઈ વાઘેલાને તપાસવામા આવેલા છે. આંક–૫ થી ફરીયાદ રજુ છે. પાછળથી જાણવા મળેલ છે કે ગાડીના ચાલક હાલના આરોપી મહેન્દ્રભાઈ કરીને હતા. આંક–૮ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ કરવામા આવેલ છે. પંચોએ પંચનામામા સહીઓ ઓળખી બતાવેલ છે. આંક–૧૦ થી તપાસવામા આવેલ સાહેદ મનુભાઈ ગુલાબસીંહ નાઓએ સને ૨૦૨૩ મા અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૧૧ થી તપાસવામા આવેલ સાહેદ જેસીંગભાઈ ગુલાબસીંહ નાઓએ સને ૨૦૨૩ મા અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૧૨ થી તપાસવામા આવેલ સાહેદ રાકેશભાઈ જેસીંગભાઈ નાઓએ સને ૨૦૨૩ મા અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૧૩ થી ઈજા પામનાર સાહેદ પ્રદિપસીંહ બાબુભાઈ પરમારને તપાસવામા આવેલા છે. અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. અકસ્માત કરનાર ગાડીનો નંબર જણાવેલ છે. આંક–૧૪ થી સાહેદ તેજલબેનને તપાસવામા આવેલા છે. બનાવની જાણ થતા બાલાસિનોર સરકારી દવાખાને ગયેલ છે. આંક–૧૫ થી સાહેદ સરોજબેન સુરેન્દ્રભાઈને તપાસવામા આવેલા છે. અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૨૦ થી સાહેદ વૈશાલીબેનને તપાસવામા આવેલા છે.

અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૨૧ થી સાહેદ સ્વાતીબેનને તપાસવામા આવેલા છે. અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૨૨ થી સાહેદ ત્રીશાબેનને તપાસવામા આવેલા છે. અકસ્માત થયેલો હોવાનુ જણાવેલ છે. આંક–૨૪ થી તપાસ કરનાર અમલદાર ચંદ્રસીંહ કરણસીંહને તપાસવામા આવેલા છે. આરોપીને અટક કરી જામીન મુકત કરેલા છે. સાહેદોના મેડીકલ સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ છે. એફ.આઈ.આર.મા કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ છે. પી.એમ. નોટ મેળવેલ છે. એફ.એસ.એલ. રીપોર્ટ મેળવેલ છે. કોલ ડીટેલ કઢાવેલ છે. અકસ્માત સમયે આરોપી વાહન ચલાવતા હતા. આરોપી સામે પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ છે. આમ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ સાબિત કરેલ હોય આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહતમ સજા કરવા રજુઆત કરેલ છે.

(૭) આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો નોંધાયેલ. રસ્તો વન વે છે. ખોટી ફરીયાદ કરેલ છે. આંક–૪ થી ફરીયાદી રમેશભાઈને તપાસેલ છે. બનાવ સમયે તેઓ ઘરે હતા. બનાવ નજરે જોયેલ નથી. ફરીયાદીએ બનાવવાળી જગ્યા બતાવેલ છે. ફરીયાદી ફરીયાદ આપ્યા બાદ પોલીસ સ્ટેશન ગયેલ નથી. ગુનાવાળી જગ્યાના પંચ સાહેદો હોસ્ટાઈલ થયેલ છે. આંક–૧૦, આંક–૧૧, આંક–૧૨ થી તપાસવામા આવેલ સાહેદો બનાવ સમયે ઘરે હતા. આંક–૧૩ થી ઈજા પામનાર સાહેદ પ્રદિપસીંહ બાબુભાઈ પરમારને તપાસવામા આવેલા છે. ડ્રાઈવરને ઓળખી શકતા નહી હોવાનુ જણાવેલ છે. આંક–૧૪ થી તપાસવામા આવેલ સાહેદ તેજલબેન નીતીનભાઈ હોસ્ટાઈલ

થયેલા છે. આંક–૧૫ થી તપાસવામા આવેલ સાહેદ સરોજબેન સુરેન્દ્રભાઈ બનાવ સમયે ઉંઘતા હતા. આંક–૨૦, આંક–૨૧, આંક–૨૨ થી તપાસવામા આવેલા સાહેદો બનાવ સમયે ઉંઘતા હતા. આંક–૨૪ થી તપાસ કરનાર અમલદાર ચંદ્રસીંહ કરણસીંહને તપાસવામા આવેલા છે. રવિવારનો દિવસ હતો. હેવી ટ્રાફીક હતો. સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા. તપાસ કરનાર અમલદારે કબુલ કરેલ છે કે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. સ્વતંત્ર સાહેદો ન હતા તે ખુલાસો માનવાપાત્ર નથી. અકસ્માત થયેલ છે પરંતુ આરોપીએ બેદરકારી પુર્વક, નીષ્કાળજી પુર્વક ડ્રાઈવીંગ કરેલ નથી. હાલના આરોપીએ નીષ્કાળજી પુર્વક વાહન ચલાવેલ હોય તેવુ ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી. હાલના આરોપી શિક્ષક તરીકે રીટાયર થયેલા છે. વધુમા આંક–૪૭ ના લીસ્ટથી ચુકાદો રજુ કરેલ છે. આમ આરોપીની બેદરકારીથી અકસ્માત થયેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૮) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજુઆતો ધ્યાને લેતાં, કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**–:: (મુદાઓ)::–**

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબીત કરે છે કે આ કામના આરોપીએ ગઈ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ કલાક ૧૫:૦૦ વાગ્યે મોજે ગધાવાડા પીકઅપ સ્ટેન્ડ અને જનોડ પાટીયા વચ્ચે રોડ ઉપર પોતાના કબજાની સફેદ કલરની હુન્ડાઈ ઈયોન ફોરવ્હીલ ગાડી નં. જી.જે. ૧૭ એન. ૭૦૩૧ ની બેદરકારી અને ગફલતભરી રીતે રોંગ

સાઈડમાં ચલાવી લાવી સામેથી આવતા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ ને સામેથી ટકકર મારી મોટર સાયકલ ચાલક નીતીનભાઈ રમેશભાઈ વાઘેલા નાઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તેમજ મોટર સાયકલ પર પાછળ બેઠેલ સાહેદ પ્રદિપસીંહ ઉર્ફે ભાવેશભાઈ બાબુભાઈ પરમાર નાઓને શરીરે તેમજ બંને હાથે તથા પગે ઈજાઓ પહોંચાડી ફ્રેકચર કરી તેમજ પોતાને તથા પોતાની સાથે ગાડીમાં બેસેલ સાહેદ સ્વાતીબેન વા/ઓ દીપકભાઈ સુરેશચંન્દ્ર પટેલ તથા સાહેદ ત્રીશાબેન ડો/ઓ દીપકભાઈ સુરેશચંન્દ્ર પટેલને ઈજાઓ પહોંચાડી ફ્રેકચર કરી તથા બાકી તમામને શરીરે ઈજાઓ પહોંચાડી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**(૯)** ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

## **::- કારણો -::**

### **(૧૦) મુદા નં.૧ તથા ૨ અંગે:-**

**(૧૦.૧)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી

તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવો જોઈએ.

(૧૦.૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફે આંક–૦૪ થી સાહેદ ફરીયાદી રમેશભાઈ શિવાભાઈ વાઘેલાને તપાસવામા આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ ગધાવાડા પીકઅપ બસ સ્ટેન્ડ પાસે બનેલો. આ દિવસે તેમનો દિકરો રતનપુર છીપડી ખાતે તેની સાસરીમાંથી તલાટીની એકઝામ આપવા માટે લુણાવાડા ગયેલો. આ વખતે તેની સાથે તેના કાકા સસરાનો દિકરો ભાવેશભાઈ સાથે હતો. તેમનો દિકરો સ્પ્લેન્ડર મોટર સાયકલ જેનો રજી. નં.જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ લઈ એકઝામ આપવા ગયેલો. આ અકસ્માત તેમનો દિકરો એકઝામ આપીને પાછા વળતા ઘરે આવતા હતા ત્યારે થયેલો. તેઓ તેમના ઘરે હતા અને બાલાસિનોર પોલીસ સ્ટેશન ખાતેથી ફોન આવેલો અને અકસ્માત બાબતેની હકીકત જણાવેલી જેથી તેઓ તથા તેમના કાકા મનુભાઈ તથા તેમના કાકાના દિકરા રાકેશભાઈ તથા તેમના પત્ની તેમના ગામ વસોથી બાલાસિનોર સરકારી દવાખાને ગયેલા તો તેમનો દિકરો મરણ ગયેલી હાલતમાં પી.એમ. રુમમા હતો. તેને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ થયેલી હતી. તેઓને આ વખતે જાણવા મળેલુ કે તેમનો દિકરો મોટર સાયકલ લઈ લુણાવાડાથી બાલાસિનોર તરફ આવતો હતો ત્યારે હુન્ડાઈ ગાડીના ચાલકે રોંગ સાઈડે આવી બાઈકને ટકકર મારી અકસ્માત કરેલો તેવી હકીકત જાણવા મળેલી જેથી આ અકસ્માત બાબતે હુન્ડાઈ ગાડીના ચાલક વિરુધ્ધ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં તેઓએ ફરીયાદ આપેલી. તેઓને હાલ હુન્ડાઈ ગાડીનો નંબર યાદ નથી. તેઓને અસલ ફરીયાદ બતાવવામા

આવતા જેમા તેઓએ તેમની સહી હોવાનુ જણાવી તેઓની સહી ઓળખી બતાવેલ છે જે અસલ ફરીયાદ આંક–૦૫ થી રજુ કરવામા આવેલ છે. વધુમા તેઓને પાછળથી જાણવા મળેલુ કે આ ગાડીના ચાલક મહેન્દ્રભાઈ કરીને હતા.

સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે અકસ્માત વાળા બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને તેઓએ અકસ્માત વાળો બનાવ નજરે જોયેલો નથી. વધુમા કબુલ કરેલ છે કે ફરીયાદ આપ્યા પછી તેઓને બાલાસિનોર પોલીસ સ્ટેશને બોલાવેલ હોય તેવુ બનેલ નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે તેઓને મરણને લગતા કાગળો લેવા માટે એક વાર પોલીસ સ્ટેશન આવવાનુ થયેલુ. વધુમા કબુલ કરેલ છે કે તેઓએ તેમના દિકરાના અવસાન બાબતે અકસ્માત વળતરની અરજી નડીયાદ કોર્ટમાં દાખલ કરેલી છે. વધુમા તેઓ સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦.૩) ફરીયાદપક્ષ તરફે આંક–૦૭ થી પંચ સાહેદ મણીલાલ અમરસિંહ ઝાલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે આજથી એકાદ વર્ષ પહેલા તેઓ ખેતીકામ કરીને તેમના ઘરે જતા હતા ત્યારે પોલીસે બોલાવી એક તૈયાર પંચનામામા તેમની સહી લીધેલી. પંચનામુ શી બાબતનુ હતુ તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓને ફકત સહી કરવાનુ કહેતા તેઓએ માત્ર તેમની સહી કરી આપેલી તે સિવાય તેઓ કશુ જાણતા નથી. તેમને ગુનાવાળી જગ્યાનુ અસલ પંચનામુ બતાવવામા આવતા તેમા પંચ નં. ર તરીકે તેમની સહી હોવાનુ જણાવી જે તેઓએ ઓળખી બતાવેલ છે. જે પંચનામુ આંક–૦૮ થી રજુ કરવામા આવેલ છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી સદર પંચ સાહેદને ફરી ગયેલા જાહેર કરી

ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં સદર પંચ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી કરાવેલી પંચનામા વિશે તેઓ કશુ જાણતા નથી.

**(૧૦.૪)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૦ થી સાહેદ મનુભાઈ ગુલાબસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૩ મા ગધાવાડા પીકઅપ સ્ટેન્ડ પાસે બાલાસિનોર મુકામે બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને આ બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી. તેમનો ભત્રીજો નામે નીતીનભાઈ તેની સાસરી મુંડેલ રતનપુર, તા.કઠલાલ મુકામે ગયેલો અને લુણાવાડા મુકામે તલાટી કમ મંત્રી પરીક્ષા હોય જેથી તેના સાળા પ્રદીપસિંહ સાથે તેઓની સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ નાની લઈને ગયેલા. આ મોટર સાયકલ તેમનો ભત્રીજો ચલાવતો હતો અને આશરે સવા ત્રણેક વાગ્યે આ બનાવની જાણ તેમના ભત્રીજા રમેશભાઈ શીવાભાઈ નાઓને ફોન દ્વારા જાણવા મળેલ કે નિતીનભાઈનુ અકસ્માતથી મૃત્યુ થયેલ છે જેથી તેઓ તથા તેમના ભત્રીજા રમેશભાઈ તથા કુટુંબના બીજા સભ્યો વસો મુકામેથી નીકળી બાલાસિનોર સરકારી દવાખાને આવેલા અને ત્યાં પી.એમ. રુમમા તેમના ભત્રીજાની લાશ રાખેલી અને તેના શરીરે તથા માથાના ભાગે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલ હતી. ત્યારબાદ તેઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલ અને ત્યાં જઈને જોયેલ તો મોટર સાયકલ રોડની સાઈડમાં પડેલ હતી અને રોડ ઉપર ગરનાળા નીચે પડેલ હતી જે ગાડી હુન્ડાઈ કંપનીની ઈયોન કંપનીની હતી તેનો રજી. નંબર જોયેલ તો જી.જે. ૧૭ એમ. ૭૦૩૧ નો હતો. આ બનાવની

ફરીયાદ તેમના ભત્રીજા રમેશભાઈ શીવાભાઈ નાઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમા આપેલી. આ બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. વધુમા તેઓને પાછળથી જાણવા નહી મળેલુ કે આ ગાડીનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી.

સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે ફરીયાદવાળા બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. વધુમા કબુલ કરેલ છે કે બનાવ કેવી રીતે બન્યો તે તેમની નજરે જોયેલુ નથી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૦.૫) ફરીયાદપક્ષ તરફે આંક–૧૧ થી સાહેદ જેસિંગભાઈ ગુલાબસિંહ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે  અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૩ મા ગઘાવાડા પીકઅપ સ્ટેન્ડ પાસે બાલાસિનોર મુકામે બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને આ બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી. તેમના ભત્રીજા નો દિકરો નામે નીતીનભાઈ તેની સાસરી મુંડેલ રતનપુર, તા.કઠલાલ મુકામે ગયેલ અને લુણાવાડા મુકામે તલાટી કમ મંત્રી પરીક્ષા હોય જેથી તેના સાળા પ્રદીપસિંહ સાથે તેઓની સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ ની લઈને ગયેલા. આ મોટર સાયકલ તેમનો ભત્રીજા નો દિકરો ચલાવતો હતો અને આશરે સવા ત્રણેક વાગ્યે આ બનાવની જાણ તેમના ભત્રીજા રમેશભાઈ શીવાભાઈ નાઓને ફોન દ્વારા જાણવા મળેલ કે નિતીનભાઈનુ અકસ્માતથી મૃત્યુ થયેલ છે જેથી તેઓ તથા તેમના ભત્રીજા રમેશભાઈ તથા કુટુંબના બીજા સભ્યો વસો મુકામેથી નીકળી બાલાસિનોર સરકારી દવાખાને આવેલા અને ત્યાં પી.એમ. રુમમા તેમના ભત્રીજાના

દિકરાની લાશ રાખેલી અને તેના શરીરે તથા માથાના ભાગે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલ હતી. ત્યારબાદ તેઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો મોટર સાયકલ રોડની સાઈડમાં પડેલ હતી અને રોડ ઉપર ગરનાળા નીચે પડેલ હતી જે ગાડી હુન્ડાઈ કંપનીની ઈયોન કંપનીની હતી તેનો રજી. નંબર જોયેલ તો જી.જે. ૧૭ એમ. ૭૦૩૧ નો હતો. આ બનાવની ફરીયાદ તેમના ભત્રીજા રમેશભાઈ શીવાભાઈ નાઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમા આપેલી. આ બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. વધુમા તેઓને પાછળથી જાણવા નહી મળેલુ કે આ ગાડીનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી.

સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે ફરીયાદવાળા બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. વધુમા કબુલ કરેલ છે કે બનાવ કેવી રીતે બન્યો તે તેમની નજરે જોયેલુ નથી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

**(૧૦.૬)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૨ થી સાહેદ રાકેશભાઈ જેસિંગભાઈ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૩ મા ગધાવાડા પીકઅપ સ્ટેન્ડ પાસે બાલાસિનોર મુકામે બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને આ બનાવની જાણ તેઓને વાતોવાતથી થયેલી. તેમનો ભત્રીજો નામે નીતીનભાઈ તેની સાસરી મુંડેલ રતનપુર, તા.કઠલાલ મુકામે ગયેલ અને લુણાવાડા મુકામે તલાટી કમ મંત્રી પરીક્ષા હોય જેથી તેના સાળા પ્રદીપસિંહ સાથે તેઓની સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ ની લઈને ગયેલા. આ મોટર સાયકલ તેમનો ભત્રીજો ચલાવતો હતો અને આશરે સવા ત્રણેક વાગ્યે આ

બનાવની જાણ તેમના ભાઈ રમેશભાઈ શીવાભાઈ નાઓને ફોન ધ્વારા જાણવા મળેલ કે નિતીનભાઈનુ અકસ્માતથી મૃત્યુ થયેલ છે જેથી તેઓ તથા તેમના ભાઈ રમેશભાઈ તથા કુટુંબના બીજા સભ્યો વસો મુકામેથી નીકળી બાલાસિનોર સરકારી દવાખાને આવેલા અને ત્યાં પી.એમ. રુમમા તેમના ભત્રીજાની લાશ રાખેલી અને તેના શરીરે તથા માથાના ભાગે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ થયેલ હતી. ત્યારબાદ તેઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલા અને ત્યાં જઈને જોયેલ તો મોટર સાયકલ રોડની સાઈડમાં પડેલ હતી અને રોડ ઉપર ગરનાળા નીચે પડેલ હતી જે ગાડી હુન્ડાઈ કંપનીની ઈયોન કંપનીની હતી તેનો રજી. નંબર જોયેલ તો જી.જે. ૧૭ એમ. ૭૦૩૧ નો હતો. આ બનાવની ફરીયાદ તેમના ભાઈ રમેશભાઈ શીવાભાઈ નાઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમા આપેલી. આ બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો. વધુમા તેઓને પાછળથી જાણવા નહી મળેલુ કે આ ગાડીનો ચાલક કોણ હતો તેની તેઓને ખબર નથી.

સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે ફરીયાદવાળા બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. વધુમા કબુલ કરેલ છે કે બનાવ કેવી રીતે બન્યો તે તેમની નજરે જોયેલુ નથી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

**(૧૦.૭)** ફરીયાદપક્ષ તરફે આંક–૧૩ થી સાહેદ પ્રદિપસિંહ બાબુભાઈ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ આજથી એકાદ વર્ષ પહેલા ગધાવાડા બસ સ્ટેન્ડની પાસે બનેલો. જે બનાવ બપોરના અઢીથી ત્રણની આજુબાજુ બનેલો. આ બનાવના દિવસે સવારના તેઓ તથા તેમના જીજાજી નિતીનભાઈ કઠલાલથી લુણાવાડા બાઈક લઈને ગયેલા. બાઈકનો નંબર હાલ તેઓને યાદ

નથી. આ બાઈક તેમના જીજાજી નિતીનભાઈ ચલાવતા હતા. લુણાવાડા તેઓ નીતીનભાઈની તલાટી પરીક્ષા હોય જેથી તેઓ ગયેલા. લગભગ બાર સાડા બારની આજુબાજુ પરીક્ષા પુરી થતા તેઓ બંને જણા બાઈક લઈને કઠલાલ આવવા માટે નીકળેલા. બનાવ વખતે સામેથી એક હુન્ડાઈ કંપનીની ગાડી રોંગ સાઈડે ફુલ સ્પીડે આવીને તેમની બાઈકને ટકકર મારેલી. ટકકર મારવાથી તેઓ પડી ગયેલા. આ ગાડીનો નંબર જી.જે. ૧૭ એન. ૭૦૩૧ નો હતો પછી તેઓ બેભાન થઈ ગયેલા. આ અકસ્માત કરનાર ગાડીના સભ્યો સાથે તેઓને બાલાસિનોર સરકારી દવાખાનામાં લઈ ગયેલા. નિતીનભાઈનુ સ્થળ ઉપર જ મરણ થઈ ગયેલુ. બાલાસિનોર સરકારી દવાખાનામાં તેમની સારવાર કરેલી. તેઓએ સરકારી દવાખાનામાં ગાડીના ચાલકને જોયેલા. તેમને પાછળથી ગાડીના ડ્રાઈવરનુ નામ જાણવા મળેલુ તેમનુ નામ સુરેન્દ્રભાઈ સખીદાસ હતુ. વધુમા તેઓ ગાડીના ડ્રાઈવરને હાલ જોયેથી ઓળખી શકે નહી. બનાવ સબંધે રમેશભાઈએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલી. બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમાં બનાવના દિવસે પરીક્ષા બપોરે સાડા બારે શરુ થયેલી અને પરીક્ષા પુરી થયા પછી બપોરે બે વાગ્યે બધા કેન્ડીડેટ પરીક્ષા આપીને બહાર નીકળેલા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા જણાવેલ છે કે તેમના જીજાજી કઈ સ્કુલમાં પરીક્ષા આપવા માટે ગયેલા તે તેઓ ચોકકસ કહી શકે નહી. વધુમા જણાવેલ છે કે તેઓને બાઈક ચલાવતા આવડે છે. વધુમા કબુલ કરેલ છે કે કઠલાલ થી લુણાવાડાનો રૂટ લાંબો હોય થોડો સમય તેઓ પણ બાઈક ચલાવી લવ તેવુ કહીને તેમના જીજાજી તેઓને સાથે લઈ ગયેલા. વધુમા કબુલ કરેલ છે કે બનાવ બન્યો તે પહેલા તેઓને લુણાવાડા આવવા જવાનુ થતુ ન હતુ. વધુમા કબુલ કરેલ

છે કે બાલાસિનોરથી લુણાવાડાનો રસ્તો સીંગલ પટ્ટીનો રસ્તો છે. વધુમા કબુલ કરેલ છે કે બનાવના દિવસે રવિવાર હતો અને પરીક્ષા હતી એટલે ખુબ જ ટ્રાફીક હતો અને ઘણા બધા વાહનોની અવર જવર હતી. વધુમા કબુલ કરેલ છે કે બનાવના દિવસે તેઓને કે તેમના જીજાજીએ માથામા કોઈ હેલ્મેટ પહેરેલ ન હતુ. વધુમા અકસ્માત વાળો બનાવ તેમની બાઈકે ઓવરટેક કરવા જતા થયેલો હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા કબુલ કરેલ છે કે અકસ્માત થયો એટલે તેઓ બેભાન થઈ ગયેલા. વધુમા જણાવેલ છે કે તેઓ હોસ્પિટલે પહોંચ્યા બાદ તેઓને ૧૦૮ માથી ઉતારતા હતા તે વખતે ભાન આવેલુ. વધુમા જણાવેલ છે કે પોલીસ તેમના ઘરે તેઓ ગયા ત્યારબાદ બે ત્રણ દિવસ પછી તેઓને પુછપરછ કરવા આવેલી. વધુમા કબુલ કરેલ છે કે ગાડીના ચાલકનું નામ તેઓએ વાતોવાતથી જાણેલુ. વધુમા અકસ્માત વાળો બનાવ તેઓની બાઈકના ચાલકથી બનેલ હોય અને ફરીયાદ ચાલકના સબંધીએ આપેલ હોય તેઓના સમર્થનમા ખોટી જુબાની આપતા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦.૮) ફરીયાદપક્ષ તરફે આંક–૧૪ થી સાહેદ તેજલબેન નિતિનભાઈ વાઘેલાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ તેમના પતિ નીતીનભાઈ તથા તેમના કાકાનો છોકરો પ્રદિપભાઈ બંને જણા મોટર સાયકલ લઈને લુણાવાડા ખાતે તલાટીની પરીક્ષા આપવા માટે ગયેલા અને આ મોટર સાયકલ તેમના પતિ ચલાવતા હતા અને આશરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે તેમના સસરા રમેશભાઈ નાઓએ ફોન કરી જણાવેલ કે નીતીન પરીક્ષા આપીને પાછો આવતો હતો ત્યારે બાલાસિનોર ગઘાવાડા પીકઅપ સ્ટેન્ડ અને જનોડ પાટીયા વચ્ચે રોડ અકસ્માત થયેલો છે અને નીતીન સ્થળ ઉપર મરણ ગયેલ છે તેવી હકીકત

જણાવેલી. આ વખતે તેમના સસરા રમેશભાઈ તથા તેઓ કુટુંબના માણસો વસો મુકામેથી નીકળી બાલાસિનોર સરકારી દવાખાને ગયેલા અને ત્યાં પી.એમ. રુમમા તેમના પતિની લાશ રાખેલ હતી જેને જોયેલ તો તેઓને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી. ત્યારબાદ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યાં જોયેલ તો મોટર સાયકલ રોડ ઉપર પડેલ હતી અને ગરનાળા નીચે એક સફેદ કલરની એક ફોરવ્હીલર ગાડી પડેલ હતી. અકસ્માત કરનાર ગાડીનો નંબર તેમને હાલ યાદ નથી. વધુમા આ અકસ્માત કેવી રીતના બનેલો તે તેમને જાણવા મળેલુ નહી. આ બનાવની ફરીયાદ તેમના સસરા રમેશભાઈ નાઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમા આપેલી. આ બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો નહી. આ બનાવ વખતે વાહન કોણ ચલાવતુ હતુ તે જાણવા મળેલ નહી.

આમ, સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ માં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવા છતાં સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી.

સદર સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા જેથી બાઈક કોણ ચલાવતુ હતુ તે તેઓ કહી શકે નહી. વધુમા કબુલ કરેલ છે કે આ બનાવની હકીકત તેઓને વાતોવાતથી જાણવા મળેલી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૦.૯) ફરીયાદપક્ષ તરફે આંક–૧૫ થી સાહેદ સરોજબેન સુરેન્દ્રભાઈ પટેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં

જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ એક વર્ષ પહેલા ગધાવાડા પાસે બનેલો. આ અકસ્માત કેટલા વાગ્યે બનેલ તેની તેઓને ખબર નથી. આ બનાવના દિવસે તેઓ નડીયાદ ગયેલા. તેમના પિયરમાં મકાનનું વાસ્તુ હોય જેથી તેઓ વાસ્તુમા ગયેલા. આ અકસ્માત તેઓ નડીયાદથી તેમના વતનમાં પાછા વળતી વખતે થયેલો. આ ગાડીમાં તેમના પતિ તથા તેમની બેબી અને તેઓ હતા. આ બનાવ વખતે તેઓ પાછળની સીટમા સુતા હતા તે વખતે બનેલો અને ધણામ દઈને અવાજ થતા તેઓ બેભાન થઈ ગયેલા. તેમની ગાડી ઈઓન મેગ્રા હતી. આ ગાડીનો નંબર તેમને ખબર નથી. તેઓને એમ્બ્યુલન્સમાં બાલાસિનોર સરકારી દવાખાનામાં લઈ ગયેલા. આ બનાવમાં તેઓને તથા તેમની બે દિકરીઓ તથા તેમના પતિને ઈજા થયેલી. તેઓને શરીરના અંદરના ભાગે વાગેલુ. તેમના પતિને જમણા હાથે વાગેલુ. તેમની દિકરીઓને વત્તા ઓછા પ્રમાણમાં ઈજા થયેલી. આ અકસ્માત કોની બેદરકારીને કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. આ અકસ્માતમા કોનુ મૃત્યુ થયેલુ તેની તેમને ખબર નથી. આ બનાવ વખતે પોલીસે તેમનો જવાબ લીધેલો. આ બનાવ વખતે તેમની ગાડી તેમના પતિ ચલાવતા હતા.

સદર સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ ઉંઘી ગયેલી એટલે અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓ કહી શકે નહી. વધુમા કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહી.

**(૧૦.૧૦)** ફરીયાદપક્ષ તરફે આંક–૨૦ થી સાહેદ વૈશાલીબેન હીતેશકુમાર પટેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ એક વર્ષ પહેલા ગધાવાડા પાસે બનેલો.

આ અકસ્માત કેટલા વાગ્યે બનેલ તેની તેઓને ખબર નથી. આ બનાવના દિવસે તેઓ મામાના ઘરે નડીયાદ ગયેલા. તેમના મામાના ઘરે મકાનનુ વાસ્તુ હોય જેથી તેઓ વાસ્તુમા ગયેલા. આ અકસ્માત તેઓ નડીયાદથી તેમના વતનમાં પાછા વળતી વખતે થયેલો. આ ગાડીમાં તેમના પિતા તથા તેમની બહેન અને તેઓ હતા. આ બનાવ વખતે તેઓ પાછળની સીટમા સુતા હતા તે વખતે બનેલો અને ધણામ દઈને અવાજ થતા તેઓ બેભાન થઈ ગયેલા. તેમની ગાડી ઈઓન મેગ્રા હતી. આ ગાડીનો નંબર તેમને ખબર નથી. તેઓને એમ્બ્યુલન્સમાં બાલાસિનોર સરકારી દવખાનામાં લઈ ગયેલા. આ બનાવમાં તેઓને તથા તેમની બહેન તથા તેમના માતા પિતાને ઈજા થયેલી. તેઓને કાનના ભાગે ઈજા થયેલી. આ અકસ્માત કોની બેદરકારીને કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. આ અકસ્માતમા કોનુ મૃત્યુ થયેલુ તેની તેમને ખબર નથી. આ બનાવ વખતે પોલીસે તેમનો જવાબ લીધેલો. આ બનાવ વખતે તેમની ગાડી તેમના પિતા ચલાવતા હતા.

સદર સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ ઉંઘી ગયેલી એટલે અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓ કહી શકે નહી. વધુમા કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહી.

**(૧૦.૧૧)** ફરીયાદપક્ષ તરફે આંક–૨૧ થી સાહેદ સ્વાતીબેન દીપકકુમાર પટેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ એક વર્ષ પહેલા ગધાવાડા પાસે બનેલો. આ અકસ્માત કેટલા વાગ્યે બનેલ તેની તેઓને ખબર નથી. આ બનાવના દિવસે તેઓ મામાના ઘરે નડીયાદ ગયેલા. તેમના મામાના ઘરે મકાનનુ વાસ્તુ

હોય જેથી તેઓ વાસ્તુમા ગયેલા. આ અકસ્માત તેઓ નડીયાદથી તેમના વતનમાં પાછા વળતી વખતે થયેલો. આ ગાડીમાં તેમના પિતા તથા તેમની બહેન અને તેઓ હતા. આ બનાવ વખતે તેઓ પાછળની સીટમા સુતા હતા તે વખતે બનેલો અને ધણાામ દઈને અવાજ થતા તેઓ બેભાન થઈ ગયેલા. તેમની ગાડી ઈઓન મેગ્રા હતી. આ ગાડીનો નંબર તેમને ખબર નથી. તેઓને એમ્બ્યુલન્સમાં બાલાસિનોર સરકારી દવાખાનામાં લઈ ગયેલા. આ બનાવમાં તેઓને તથા તેમની બહેન તથા તેમના માતા પિતાને ઈજા થયેલી. તેઓને પગના ભાગે ઈજા થયેલી તેમજ તેમની દિકરી ત્રીશાને આ અકસ્માતમા ખભાના ભાગે ઈજા થયેલી. આ અકસ્માત કોની બેદરકારીને કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. આ અકસ્માતમા કોનુ મૃત્યુ થયેલુ તેની તેમને ખબર નથી. આ બનાવ વખતે પોલીસે તેમનો જવાબ લીધેલો. આ બનાવ વખતે તેમની ગાડી તેમના પિતા ચલાવતા હતા.

સદર સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ ઉંઘી ગયેલી એટલે અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓ કહી શકે નહી. વધુમા કબુલ કરેલ છે કે પોલીસે માત્ર તેમનુ નામ સરનામુ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહી.

**(૧૦.૧૨)** ફરીયાદપક્ષ તરફે આંક–૨૨ થી સાહેદ ત્રીશા દીપકકુમાર પટેલને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૩ માં બનેલો. બનાવ વખતે તેઓ તેમની માતા મામા ભીખાભાઈ પટેલ નાઓના ઘરે વાસ્તુ રાખેલ હોય જેથી વાસ્તુમા તેમના નાના સુરેન્દ્રભાઈ, નાની સરોજબેન, માસી વૈશાલીબેન તથા બીજા માણસો હ્યુન્ડાઈ ગાડી લઈને નડીયાદ ગયેલા. ત્યાં હાજરી આપી પરત આવતા

હતા અને ગાડી તેમના નાના સુરેન્દ્રભાઈ નાઓ ચલાવતા હતા. તેઓની બાજુમાં તેમની માતા બેઠેલ હતા અને પાછળની શીટમાં તેમના માસી વૈશાલીબેન તથા તેમના નાની સરોજબેન અને તેઓ બેઠેલ હતી અને બપોરના આશરે ત્રણેક વાગ્યાના સુમારે ગધાવાડાની સીમમા અકસ્માત થયેલો. અકસ્માત વખતે તેઓ ગાડીમા સુતા હતા એટલે અકસ્માત કેવી રીતના થયેલો અને કોની બેદરકારીથી થયેલો તે તેઓ કહી શકે નહી. આ અકસ્માતમા ગાડીમાં બેઠેલા તમામને વત્તા ઓછા પ્રમાણમાં ઈજા થયેલી. તેઓને હાથના ભાગે ઈજા થયેલી અને હાથે ફ્રેકચર થયેલુ જેની સારવાર ગોધરા હોસ્પિટલમા કરાવેલી. આ અકસ્માતમા સામેનુ વાહન બાઈક હતુ તેટલી તેમને ખબર છે. આ બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે અકસ્માત કયા વાહન સાથે થયેલો તેની તેઓને ખબર નથી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

**(૧૦.૧૩)** ફરીયાદપક્ષ તરફે આંક-૨૪ થી સાહેદ તપાસ કરનાર અમલદાર ચંદ્રસિંહ કરણસિંહ સિસોદીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે સને ૨૦૨૩ ની સાલમાં તેઓ બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનમા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ગઈ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ આ કામના ફરીયાદી રમેશભાઈ શીવાભાઈ વાઘેલા, રહે. વસો, તા.જી.ખેડા નાઓએ પી.એસ.ઓ. દીલીપભાઈ નાનજીભાઈ નાઓની રુબરુ લેખીત ફરીયાદ આપેલી. જે બાલાસિનોર ટાઉન પો.સ્ટે.ફ.ગુ.રજી. નં.૧૬૮/૨૩, ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓએ

સંભાળેલી. તપાસના કામે તેઓએ ગુનાવાળી જગ્યાનુ બે પંચો રુબરુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તેઓને આંક−૦૮ વાળુ પંચનામુ બતાવવામા આવતા જેમા તેમની રુબરુ તરીકે સહી હોવાનુ જણાવી જે તેઓએ ઓળખી બતાવેલ છે અને તપાસના કામે ઈજા પામનાર સાહેદોના મેડીકલ સર્ટીફીકેટસ મેળવતા ઈ.પી.કો. કલમ−૩૩૭, ૩૩૮ નો એફ.આઈ.આર.માં ઉમેરો કરવા સારુ નામદાર કોર્ટમા ઈલાયદો રીપોર્ટ આપેલો. જે ચાર્જશીટ કામે રજુ છે જે આંક−૨૫ થી રજુ કરવામા આવેલ છે. ત્યારબાદ લાગતા વળતા સાહેદોના નીવેદનો નોંધેલા. અકસ્માત કરનાર વાહન તથા અકસ્માત થનાર વાહનને એફ.એસ.એલ. તથા આર.ટી.ઓ. પરીક્ષણ કરાવેલ. જેના રીપોર્ટસ આંક−૨૬ થી આંક−૨૮ સુધી રજુ કરવામા આવેલ છે. ત્યારબાદ તપાસના કામે ઈન્કવેસ્ટ પંચનામુ સામેલ રાખેલુ જેમા વી.એચ.સોલંકી નાઓની સહી છે જે તેઓએ ઓળખી બતાવેલ છે જે ઈન્કવેસ્ટ પંચનામુ આંક−૨૯ થી રજુ કરવામા આવેલ છે. તેમજ તપાસના કામે મરણ જનારની પી.એમ. નોટ સામેલ રાખેલ જે આંક−૩૦ થી રજુ કરવામા આવેલ છે. તેમજ ઈજા પામનારા નાઓના મેડીકલ સર્ટીફીકેટસ તપાસના કામે મેળવેલા જે અસલ મેડીકલ સર્ટીફીકેટસ આંક−૩૧ થી આંક−૪૦ સુધી રજુ કરવામા આવેલ છે. આ કામના આરોપી તથા સાહેદોના મોબાઈલ કોલ ડીટેઈલ મેળવવા સારુ પોલીસ અધિક્ષક સાહેબશ્રી લુણાવાડા મહીસાગર નાઓને રીપોર્ટ લખવામા આવેલો જે રીપોર્ટ આંક−૪૧ થી રજુ કરવામા આવેલ છે. જે રીપોર્ટ આધારે ૬૫ બી. નુ સર્ટીફીકેટ તથા મોબાઈલ કોલ ડીટેલ આપેલ તે બાબતનો લેટર તથા કોલ ડીટેઈલ અસલ આંક−૪૨ થી આંક−૪૪ સુધી રજુ કરવામા આવેલ છે. આ કોલ ડીટેઈલ આ કામના આરોપી ગુનાવાળી જગ્યાએ હાજર છે તે બાબતનો પુરાવો છે જે તેઓએ હાઈલાઈટ પેનથી હાઈલાઈટ કરેલ છે. જેને આધારે આરોપી વાહન ચલાવતા હતા તેની ઓળખ થયેલી. અસલ સુચીપત્ર

આંક–૪૫ થી રજુ કરવામા આવેલ છે. તેઓએ આરોપીને અટક કરી જામીન પર મુકત કરેલા. આરોપી સામે પુરતો પુરાવો પડતો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલી. આરોપીને જોયેથી ઓળખી શકતા હોવાનુ જણાવેલ છે. આરોપીનો હાજરી મુકિત રીપોર્ટ હોય બચાવપક્ષના વિ.વ.શ્રીને ઓળખ અંગે તકરાર નથી.

સદર સાહેદે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે તેઓએ બાલાસિનોર પોલીસ સ્ટેશનમા એક વર્ષ ફરજ બજાવેલ. વધુમા કબુલ કરેલ છે કે બાલાસિનોર ટાઉન વિસ્તારના આજુબાજુ ભૌગોલીક પરીસ્થિતીથી વાકેફ છે. વધુમા કહેવાતો બનાવ વળાંકવાળી જગ્યાએ બનેલો હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા કબુલ કરેલ છે કે બનાવવાળી જગ્યાએ વાહનોની અવર જવર થાય છે. વધુમા બનાવ વખતે અંધારુ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા કબુલ કરેલ છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે. વધુમા કબુલ કરેલ છે કે સ્વતંત્ર સાહેદોના નીવેદનો લીધેલા નથી. સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે બનાવ સમયે કોઈ સ્વતંત્ર સાહેદો હાજર હતા નહી. વધુમા કબુલ કરેલ છે કે જયારે કોઈ વ્યકિત મોબાઈલ ચાલુ રાખીને પસાર થતો હોય તો ત્યારે ખબર પડે છે જે પીન પોઈન્ટ લોકેશન પર છે. વધુમા તૈયાર પંચનામામા પંચોની સહીઓ લીધેલી હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા કલમ ઉમેરાનો રીપોર્ટ ચાર્જશીટ થયા બાદ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. વધુમા હાલના આરોપી સામે પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપતા હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

**(૧૧)** આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે આંક–૦૪ થી તપાસવામા આવેલ સાહેદ ફરીયાદી રમેશભાઈ શીવાભાઈ વાઘેલાનો પુરાવો જોવામા આવેતો તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ ગધાવાડા પીકઅપ બસ સ્ટેન્ડ પાસે બનેલો. આ દિવસે તેમનો દિકરો રતનપુર છીપડી ખાતે તેની સાસરીમાંથી તલાટીની એકઝામ આપવા માટે લુણાવાડા ગયેલો. આ વખતે તેની સાથે તેના કાકા સસરાનો દિકરો ભાવેશભાઈ સાથે હતો. તેમનો દિકરો સ્પ્લેન્ડર મોટર સાયકલ જેનો રજી. નં.જી.જે. ૦૭ સી.સી. ૦૫૭૯ લઈ એકઝામ આપવા ગયેલો. આ અકસ્માત તેમનો દિકરો એકઝામ આપીને પાછા વળતા ઘરે આવતા હતા ત્યારે થયેલો. તેઓ તેમના ઘરે હતા અને બાલાસિનોર પોલીસ સ્ટેશન ખાતેથી ફોન આવેલો અને અકસ્માત બાબતેની હકીકત જણાવેલી જેથી તેઓ તથા તેમના કાકા મનુભાઈ તથા તેમના કાકાના દિકરા રાકેશભાઈ તથા તેમના પત્ની તેમના ગામ વસોથી બાલાસિનોર સરકારી દવાખાને ગયેલા તો તેમનો દિકરો મરણ ગયેલી હાલતમાં પી.એમ. રુમમા હતો. તેને શરીરે તથા માથાના ભાગે ઈજાઓ થયેલી હતી. તેઓને આ વખતે જાણવા મળેલુ કે તેમનો દિકરો મોટર સાયકલ લઈ લુણાવાડાથી બાલાસિનોર તરફ આવતો હતો ત્યારે હુન્ડાઈ ગાડીના ચાલકે રોંગ સાઈડે આવી બાઈકને ટકકર મારી અકસ્માત કરેલો તેવી હકીકત જાણવા મળેલી જેથી આ અકસ્માત બાબતે હુન્ડાઈ ગાડીના ચાલક વિરુધ્ધ બાલાસિનોર પોલીસ સ્ટેશનમાં તેઓએ ફરીયાદ આપેલી હોવાનુ જણાવેલ છે. વધુમા તેઓને પાછળથી જાણવા મળેલુ કે આ ગાડીના ચાલક મહેન્દ્રભાઈ કરીને હતા. સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા અને તેમણે અકસ્માત વાળો બનાવ નજરે જોયેલો નથી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૭ થી તપાસવામા આવેલ પંચ સાહેદ મણીલાલ અમરસીંહ ઝાલાનો પુરાવો જોવામા આવેતો તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. સદર સાહેદનો પુરાવો જોવામા આવેતો પોલીસે તેમની એક તૈયાર પંચનામામા તેમની સહી લીધેલી હોવાનુ જણાવેલ છે. પંચનામુ શી બાબતનુ હતુ તેની તેમને ખબર નહી હોવાનુ જણાવેલ છે. વધુમા સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે પોલીસે તેમની તૈયાર પંચનામામા સહી કરાવેલી પંચનામા વિશે તેઓ કશુ જાણતા નથી. આમ ફરીયાદપક્ષે આંક–૮ થી રજુ કરવામા આવેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પુરવાર થયેલ નથી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે આંક–૧૦ થી તપાસવામા આવેલ સાહેદ મનુભાઈ ગુલાબસીંહ વાઘેલાનો તેમજ ફરીયાદપક્ષે આંક–૧૧ થી તપાસવામા આવેલ સાહેદ જેસીંગભાઈ ગુલાબસીંહ વાઘેલાનો તેમજ ફરીયાદપક્ષે આંક–૧૨ થી તપાસવામા આવેલ સાહેદ રાકેશભાઈ જેસીંગભાઈ વાઘેલાનો પુરાવો જોવામા આવેતો તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૩ મા ગધાવાડા પીકઅપ સ્ટેન્ડ પાસે બાાલાસિનોર મુકામે બનેલો હોવાનુ જણાવેલ છે. વધુમા બનાવ વખતે તેઓ તેમના ઘરે હોવાનુ તેમજ બનાવની જાણ તેઓને વાતોવાતોથી થયેલી હોવાનુ જણાવેલ છે. વધુમા તેઓને ફોન દ્વારા નીતીનભાઈનુ અકસ્માતથી મૃત્યુ થયેલ હોવાનુ જાણવા મળેલ છે. વધુમા બનાવની જાણ થતા તેઓ બાલાસિનોર સરકારી દવાખાને આવેલ હોવાનુ અને ત્યાં નીતીનભાઈની લાશ પડેલ હોવાનુ અને તેના શરીરે તથા માથાના ભાગે વતા ઓછા પ્રમાણમા ઈજાઓ થયેલી હોવાનુ જણાવેલ છે. વધુમા ત્યારબાદ તેઓ અકસ્માતવાળી જગ્યાએ ગયેલા હોવાનુ અને ત્યાં જઈને જોયેલ તો મોટર સાયકલ રોડની સાઈડમા પડેલ હોવાનુ ગરનાળા નીચે હુન્ડાઈ ગાડી રજી.

નં. જી.જે. ૧૭ એમ. ૭૦૩૧ વાળી પડેલ હોવાનુ જણાવેલ છે. વધુમા સદર સાહેદોએ જણાવેલ છે કે તેઓને પાછળથી જાણવા નહી મળેલુ કે આ ગાડીનો ચાલક કોણ હતો. વધુમા સદર સાહેદોએ બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે ફરીયાદવાળા બનાવ વખતે તેઓ તેમના ઘરે હતા. વધુમા સદર સાહેદોએ કબુલ કરેલ છે કે બનાવ કેવી રીતે બન્યો તે તેઓએ નજરે જોયેલુ નથી. વધુમા સદર સાહેદોએ કબુલ કરેલ છે કે અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

**(૧૫)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૩ થી તપાસવામા આવેલ ઈજા પામનાર સાહેદ પ્રદિપસીંહ બાબુભાઈ પરમારનો પુરાવો જોવામા આવેતો તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે તેઓ ગાડીના ડ્રાઈવરને હાલ જોયેથી ઓળખી શકે નહી. વધુમા જણાવેલ છે કે ટકકર મારવાથી તેઓ પડી ગયેલા. વધુમા સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે અકસ્માત થયો એટલે તેઓ બેભાન થઈ ગયેલા. વધુમા જણાવેલ છે કે તેઓ હોસ્પિટલે પહોંચ્યા બાદ તેમને ૧૦૮ માથી ઉતારતા હતા તે વખતે ભાન આવેલુ.

**(૧૬)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૪ થી તપાસવામા આવેલ સાહેદ તેજલબેન નીતીનભાઈ વાઘેલાનો પુરાવો જોવામા આવેતો તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ તેમના પતિ નીતીનભાઈ તથા તેમના કાકાનો છોકરો પ્રદિપભાઈ બંને જણા મોટર સાયકલ લઈને લુણાવાડા ખાતે તલાટીની પરીક્ષા આપવા માટે ગયેલા અને આ મોટર સાયકલ તેમના પતિ ચલાવતા હતા અને આશરે સાડા ત્રણેક વાગ્યાના સુમારે તેમના સસરા રમેશભાઈ નાઓએ ફોન કરી જણાવેલ કે નીતીન પરીક્ષા આપીને પાછો આવતો હતો ત્યારે બાલાસિનોર ગધાવાડા પીકઅપ સ્ટેન્ડ

અને જનોડ પાટીયા વચ્ચે રોડ અકસ્માત થયેલો છે અને નીતીન સ્થળ ઉપર મરણ ગયેલ છે તેવી હકીકત જણાવેલી. વધુમા જણાવેલ છે કે ત્યારબાદ તેમના સસરા રમેશભાઈ તથા તેઓ કુટુંબના માણસો વસો મુકામેથી નીકળી બાલાસિનોર સરકારી દવાખાને ગયેલા અને ત્યાં પી.એમ. રુમમા તેમના પતિની લાશ રાખેલ હતી જેને જોયેલ તો તેઓને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલ હતી. ત્યારબાદ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ ત્યાં જોયેલ તો મોટર સાયકલ રોડ ઉપર પડેલ હતી અને ગરનાળા નીચે એક સફેદ કલરની એક ફોરવ્હીલર ગાડી પડેલ હતી. વધુમા જણાવેલ છે કે અકસ્માત કરનાર ગાડીનો નંબર તેમને હાલ યાદ નથી. વધુમા આ અકસ્માત કેવી રીતના બનેલો તે તેમને જાણવા મળેલુ નહી. વધુમા જણાવેલ છે કે આ બનાવ સબંધે પોલીસે તેમનો જવાબ લીધેલો નહી. વધુમા આ બનાવ વખતે વાહન કોણ ચલાવતુ હતુ તે જાણવા મળેલ નહી. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલ છે. વધુમા સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ તેમના ઘરે હતી. વધુમા કબુલ કરેલ છે કે આ બનાવની હકીકત તેમને વાતોવાતોથી જાણવા મળેલી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

**(૧૭)** આ કામે ફરીયાદપક્ષે આંક–૧૫ થી તપાસવામા આવેલ સાહેદ સરોજબેન સુરેન્દ્રભાઈ પટેલનો, આંક–૨૦ થી તપાસવામા આવેલ સાહેદ વૈશાલીબેન હીતશકુમાર પટેલનો, આંક–૨૧ થી તપાસવામા આવેલ સાહેદ સ્વાતીબેન દીપકકુમાર પટેલનો પુરાવો જોવામા આવેતો તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે અકસ્માત વાળો બનાવ એક વર્ષ પહેલા ગધાવાડા પાસે બનેલો. વધુમા તેઓએ જણાવેલ છે કે બનાવના દિવસે તેઓ

નડીયાદ ગયેલા અને તેઓ નડીયાદથી તેમના વતન પાછા આવતા હતા ત્યારે થયેલો. આ બનાવ વખતે તેઓ ગાડીમા સુતા હતા અને અવાજ થતા તેઓ બેભાન થઈ ગયેલા. વધુમા જણાવેલ છે કે આ અકસ્માતમા તેઓને ઈજાઓ થયેલી. વધુમા સદર સાહેદોએ જણાવેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીને કારણે થયેલો તે તેઓ કહી શકે નહી. સદર સાહેદોએ બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે બનાવ વખતે તેઓ ઉંઘી ગયેલા એટલે અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓ કહી શકે નહી.

(૧૮) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૨ થી તપાસવામા આવેલ સાહેદ ત્રિશા દીપકકુમાર પટેલનો પુરાવો જોવામા આવેતો તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમા જણાવેલ છે કે અકસ્માતવાળો બનાવ સને ૨૦૨૩ મા બનેલો. બનાવ વખતે તેઓ નડીયાદ ગયેલા અને પરત આવતા હતા ત્યારે ગધાવાડાની સીમમા અકસ્માત થયેલો. વધુમા જણાવેલ છે કે અકસ્માત વખતે તેઓ ગાડીમા સુતી હતી એટલે અકસ્માત કેવી રીતના થયેલો અને કોની બેદરકારીથી થયેલો તે તેઓ કહી શકે નહી. વધુમા જણાવેલ છે કે આ અકસ્માતમા ગાડીમા બેઠેલા તમામને વતા ઓછા પ્રમાણમા ઈજાઓ થયેલી. વધુમા જણાવેલ છે કે તેમને હાથના ભાગે ઈજા થયેલી અને હાથે ફ્રેકચર થયેલુ. સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે અકસ્માત કયા વાહન સાથે થયેલો તેની તેમને ખબર નથી. વધુમા કબુલ કરેલ છે કે આ અકસ્માત કોની બેદરકારીના કારણે બનેલો તે તેઓ કહી શકે નહી.

(૧૯) આ કામે ફરીયાદપક્ષે આંક–૨૪ થી તપાસવામા આવેલ સાહેદ તપાસ કરનાર અમલદાર ચંદ્રસીંહ કરણસીંહ સીસોદીયાનો પુરાવો જોવામા આવેતો આ કામના ફરીયાદી રમેશભાઈ શીવાભાઈ વાઘેલા નાઓએ પી.એસ.ઓ. રૂબરૂ

ફરીયાદ આપતા જે ફરીયાદ પી.એસ.ઓ.એ દાખલ કરી આગળની તપાસ તેમને સોંપતા તપાસના કામે ગુનાવાળી જગ્યાનુ બે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ. તપાસના કામે ઈજા પામનાર સાહેદોના મેડીકલ સર્ટીફીકેટસ મેળવેલા. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તપાસના કામે પી.એમ. નોટ તેમજ ઈન્કવેસ્ટ પંચનામુ સામેલ રાખેલ. અકસ્માત કરનાર વાહન તથા અકસ્માત થનાર વાહનને એફ.એસ.એલ. તથા આર.ટી.ઓ. પરીક્ષણ કરાવેલ. આરોપી તથા સાહેદોના મોબાઈલની કોલ ડીટેલ મેળવેલ. ૬૫ બી નુ સર્ટીફીકેટ મેળવેલ. આરોપીને અટક કરી જામીન પર મુકત કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમા આરોપી સામે પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ હોવાનુ જણાવેલ છે. વધુમા સદર સાહેદે બચાવપક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

**(૨૦)** વધુમા આરોપી તરફે આંક–૪૭ ના લીસ્ટથી નીચે મુજબનો ચુકાદો રજુ રાખેલ છે.

IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD
R/CRIMINAL REVISION APPLICATION NO. 338/2010
BHARATSINH SOMABHAI BAMAN
Vs.
STATE OF GUJARAT

સદરહુ ચુકાદો માનસહ વંચાણે લીધો તેમજ તેમા પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો ધ્યાને લીધા.

**(૨૧)** આમ, રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, તેમજ ઉપરોકત ચર્ચા કરેલ કારણો ધ્યાને લેવામા આવે તો, અકસ્માત થયેલ હોવાનુ તથા સદર અકસ્માતમાં મોટર સાયકલ નં. જી.જે.–૦૭–સી.સી. ૦૫૭૯ ના ચાલક નીતીનભાઈ રમેશભાઈ વાઘેલા નાઓનુ શરીરે ગંભીર ઈજાઓ થવાના

કારણે મોત થયેલ હોવાનુ તેમજ સદર મોટર સાયકલ પાછળ બેસેલ સાહેદ પ્રદિપસીંહ ઉર્ફે ભાવેશભાઈ બાબુભાઈ પરમાર નાઓને શરીરે તેમજ બંને હાથે તથા પગે ઈજાઓ પહોંચાડેલ હોવાનુ તેમજ ફ્રેકચર કરેલ હોવાનુ તેમજ અકસ્માત કરનાર હુન્ડાઈ ઈયોન ફોર વ્હીલ ગાડી નં. જી.જે. ૧૭–એન–૭૦૩૧ ના ચાલક આરોપી સુરેન્દ્રભાઈ સખીદાસ પટેલ નાઓને તેમજ સદર ગાડીમા બેસેલ સાહેદો સરોજબેન સુરેશભાઈ પટેલ નાઓને, વૈશાલીબેન હીતેશભાઈ પટેલ નાઓને, સ્વાતીબેન દીપકકુમાર પટેલ નાઓને તેમજ ત્રિશા દીપકભાઈ પટેલ નાઓને સદર અકસ્માતમા શરીરે વતા ઓછા પ્રમાણમા ઈજાઓ થયેલ હોવાનુ તેમજ ફ્રેકચર થયેલ હોવાનુ જણાય આવે છે. પરંતુ ફરીયાદપક્ષનો સાહેદી પુરાવો ધ્યાને લેતા સદર અકસ્માત આરોપીના સદર વાહન પુરઝડપે ચલાવવાના કારણે તેમજ આરોપીની ભુલ કે બેદરકારીના કારણે થયેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ ફરીયાદપક્ષ સદર અકસ્માત આરોપીએ પોતાના કબજાનુ વાહન હુન્ડાઈ ઈયોન ફોર વ્હીલ ગાડી નં. જી.જે. ૧૭–એન–૭૦૩૧ ની પુરઝડપે અને બેદરકારીથી, ગફલતભરી રીતે, માણસની જીંદગી જોખમાય તે રીતે રોંગ સાઈડમા ચલાવી લઈ આવી સામેથી આવતા સ્પ્લેન્ડર મોટર સાયકલ નં. જી.જે.–૦૭–સી.સી. ૦૫૭૯ ને સામેથી ટકકર મારી મોટર સાયકલ ચાલક નીતીનભાઈ રમેશભાઈ વાઘેલા નાઓને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નીપજાવી તેમજ મોટર સાયકલ પર પાછળ બેસેલ સાહેદ પ્રદિપસીંહ ઉર્ફે ભાવેશભાઈ બાબુભાઈ પરમાર નાઓને શરીરે તેમજ બંને હાથે તથા પગે ઈજાઓ પહોંચાડી ફ્રેકચર કરી પોતાને તથા પોતાની સાથે ગાડીમા બેસેલ સાહેદો સરોજબેન સુરેશભાઈ પટેલ નાઓને, વૈશાલીબેન હીતેશભાઈ પટેલ નાઓને, સ્વાતીબેન દીપકકુમાર પટેલ નાઓને તેમજ ત્રિશા દીપકભાઈ પટેલ નાઓને શરીરે વતા ઓછા પ્રમાણમા ઈજાઓ પહોંચાડેલ હોવાની તેમજ ફ્રેકચર કરેલ હોવાની

હકીકત રેકર્ડ પર સાબિત કરી શકેલ નથી ત્યારે હાલના અકસ્માત અંગે આ કામના આરોપીને આક્ષેપીત ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી તેમની ફોજદારી જવાબદારી નકકી કરી શકાય નહી. આમ, તમામ સંજોગોમા ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, ફરીયાદપક્ષ આ કામે મુદા નં.૧ શંકાથી પર સાબીત કરવામા નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદા નં.૨ પરત્વે તથા કેસના આખરી નિકાલ સારુ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>-:: હુકમ ::-</u>

(૧) આ કામના આરોપી સુરેન્દ્રભાઈ સખીદાસ પટેલ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ અનુસાર આ હુકમ સામે ઉચ્ચ અદાલતમાં અપીલ કે, પીટીશન થયે જે તે અદાલત સમક્ષ હાજર રહેવા માટે રૂા.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

હુકમ આજ તા.૨૯ મી, માહે-જુન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૯/૦૬/૨૦૨૬**
**બાલાસિનોર.**

**(મુકેશ ભાનુશંકર દવે)**
**એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**બાલાસિનોર, જી.મહીસાગર**
**(જીજે-૦૧૦૬૬)**

//સ્ટેનોગ્રાફર-ડી.એન.પંડયા//